# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભાર્થીઓને વધારાની 50 હજાર રૂપિયાની સહાય અપાશે**
2. **વડોદરાના ગંભીરા પુલ દુર્ઘટનામાં જવાબદાર ચાર અધિકારીઓને ફરજ મોકૂફ કરાયા**
3. **આજે “વિશ્વ વસ્તી દિવસ” છેઃ રાજ્યનાં આરોગ્ય વિભાગ દ્વારા વસ્તી સ્થિરતા લાવવા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે.**
4. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું - બે દિવસ સુધી છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી**
5. **વિસનગરની ખેલાડી યાત્રી પટેલની એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપ ટીમમાં પસંદગી**

----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM AWAS BENEFICIARY GRANT

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભાર્થીઓને વધારાની 50 હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ નાગરિકોને હવે ચાર તબક્કામાં કુલ એક લાખ 70 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે. વધારાની સહાય માટે ચાલુ વર્ષના બજેટમાં એક લાખ 10 હજાર લાભાર્થીઓના લક્ષ્યાંક માટે 550 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ વધારાની સહાયથી ગ્રામીણ વિસ્તારના લાભાર્થીઓને પ્લીન્થ લેવલથી લઈને મકાન પૂર્ણ કરવા સુધીની કામગીરી દરમિયાન નાણાકીય મુશ્કેલીઓનો સામનો નહીં કરવો પડે અને આવાસ બાંધકામ ઝડપથી પૂર્ણ થશે. ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે આ યોજના હેઠળ 11 હજાર 606 લાભાર્થીઓને 58 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

# PM HOUSING SCHEME

પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત મકાન બનાવવા ઓનલાઇન રજીસ્ટ્રેશન શરૂ થયું છે, ત્યારે અત્યાર સુધીમાં મનપા ખાતે 170 અરજી આવી છે.

સરકારે આ વખતે આ યોજનામાં 50 હજારનો વધારો કરી 4 લાખની સહાય જાહેર કરી છે ત્યારે 113 લાભાર્થીને 4 લાખ લેખે લાભો મંજૂર થયા છે.

પોરબંદરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના 1.O અંતર્ગત અત્યાર સુધીમાં 457 લાભાર્થીઓએ લાભ લઈ મકાનનું બાંધકામ કરાવ્યું છે. અંદાજિત 15 કરોડ 99 લાખની સહાય મળી હતી.

અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના હવે 4 લાખની જાહેરાત કરી છે. તે માટે ગ્રામીણ વિકાસ એજન્સી નિયામક રેખાબા સરવૈયા આ અંગે જણાવે છે

**(બાઇટ– રેખાબા સરવૈયા)**

# CM AADESH VADODARA

રાજ્ય સરકારે મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના અંગે પ્રાથમિક તપાસ અવલોકનના આધારે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લીધા છે. તે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલા, નાયબ કાર્યપાલક ઈજનેર યુ. સી. પટેલ અને આર. ટી. પટેલ તેમજ મદદનીશ ઈજનેર જે. વી. શાહને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા—આણંદને જોડતા બ્રિજ દુર્ઘટના અંગે વિસ્તૃત અને ઝીણવટપૂર્વકની ઉચ્ચ સ્તરની તપાસ માટેના દિશાનિર્દેશ આપ્યા. આ ઘટના બની ત્યારથી શ્રી પટેલ માર્ગ-મકાન વિભાગ અને સંબંધિત જિલ્લા કલેક્ટરો સાથે સતત સંપર્કમાં છે.

આ ઉપરાંત, રાજ્યના અન્ય પુલોની સલામતી ધ્યાને લેતા જાહેરહિતમાં તેની પુનઃ તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરી લેવાની પણ સૂચનાઓ મુખ્યમંત્રીશ્રીએ આપી છે.

# VASTI DIVAS

આજે "વિશ્વ વસ્તી દિવસ" છે. ભારત સરકાર તથા રાજ્ય સરકારનાં આરોગ્ય વિભાગ તરફથી વસ્તી સ્થિરતા લાવવા લોકોમાં આ બાબતની જાગૃતિ કેળવવા આ વિષયને અનુરૂપ વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે.

જન સમુદાય સુધી કુટુંબ નિયોજન કાર્યક્રમ અંગે જનજાગૃતિ ફેલાવવાનાં ભાગરૂપે રેલી, રોડ શોનું આયોજન, તાલુકા કક્ષાએ મોબાઇલ પ્રચાર વાન થકી ગામડે ગામડે કુટુંબ નિયોજન કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

આજથી ૧૮ જુલાઇ ૨૦૨૫ દરમ્યાન જિલ્લા હોસ્પિટલ, FRU ખાતે કેમ્પના માધ્યમથી કાયમી અને હંગામી કુટુંબ કલ્યાણની પધ્ધતીઓનો મોટા પાયે લાભ આપવામાં આવશે. આ ઉપરાંત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા શાળા/કોલેજમાં રેલી, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નાટક જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# AMBAJI BHADARVI POONAM

શક્તિ, ભક્તિ અને આસ્થાનાં કેન્દ્ર યાત્રાધામ અંબાજી ખાતે એક થી સાત સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગઈ કાલે જિલ્લા કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમગ્ર મેળાના સુચારુ આયોજન અને વ્યવસ્થાઓને લઈને સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં થયેલી ચર્ચા અંગે કલેક્ટર મિહિર પટેલે વધુ માહિતી આપીઃ

**(BYTE: MIHIR PATEL)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# WEATHER

રાજ્યમાં આજે અને આવતીકાલે વરસાદ સામાન્ય રહશે. ત્યારબાદ 12 જુલાઈથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ અંગે હવામાન નિયામક એ . કે દાસે આ મુજબ જણાવ્યું છે

**(બાઇટ: એ. કે. દાસ)**

ગઈકાલે રાજ્યના 70 જિલ્લાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. ભાવનગરના ગારિયાધરમાં 2 ઇંચ વરસાદ જયારે ભાવનગરના સિહોરમાં 1 ઇંચ થી વધુ વરસાદ થયો હતો.

દરિયાકાંઠાના વિસ્તારોમાં 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે, જેથી માછીમારો અને દરિયાકિનારે દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સામાન્ય કરતાં 94% વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

# EK RASHTRA EK CHUNTNI

વિસનગર ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષ સ્થાને ગઈ કાલે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંતર્ગત પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું.

તાપી જિલ્લાના વડા મથક વ્યારા ખાતે પણ ગઈ કાલે એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રબુધ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં

આવ્યું હતું. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ 2025 નિમિત્તે મહેસાણામાં અન્ય એક કાર્યક્રમમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત શ્રી પટેલ ના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણ અને નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

# CHHOTA UDEPUR AND RAJKOT ROAD REPAIRS

છોટાઉદેપુર જિલ્લામાં તાજેતરમાં વરસેલા ભારે વરસાદના લીધે ક્ષતિગ્રસ્ત થયેલાં માર્ગોના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા વડાલા,ટીમબી, ગેહરપુર માર્ગ,નસવાડી ભાખા માર્ગ અને કવાંટ-રેણધા માર્ગ પરના ખાડાનું પેચવર્ક કરી માર્ગ ફરી ચાલુ કરી દેવામાં આવ્યો હતો.

માર્ગ અને મકાન વિભાગ હસ્તક રાજકોટ જિલ્લામાં તાજેતરમાં ભારે વરસાદના પરિણામે 124 કિલોમીટરના વિસ્તારમાં નાના મોટા ગાબડાં પડવાની સાથ ધોવાણ થયેલું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા 48 કિલોમીટર રસ્તામાં વિવિધ ખાડા પુરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને પેચવર્ક કામગીરી સતત ચાલી રહી છે.

# BENEFICIARY - POST INSURANCE SCHEME

સરકારની પોસ્ટ વિભાગ અકસ્માત વીમા યોજના અંતર્ગત બોટાદ શહેરના ભરતભાઈને અકસ્માતે મૃત્યુ થતાં તેમના પરિવારને અકસ્માત વીમા પોલિસીનો 10 લાખનો ચેક ભાવનગર મંડળ અધિક્ષકના હસ્તે આપવામાં આવ્યો

છે. બોટાદના સાલૈયા ગામમાં રહેતા ભરતભાઈ કીહલાાએ કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત પોસ્ટ વિભાગનો અકસ્માત વીમો **2024**માં લીધો હતો, અને જેનું 520 રૂપિયા જેવુ નજીવું વાર્ષિક પ્રીમિયમ ભરતાં હતા.

ભરતભાઈનું અકસ્માતમાં મોત થતાં પરિવારના સભ્યો પણ પોસ્ટ વિભાગની અકસ્માત પોલિસીથી અજાણ હતા, પરંતુ પોસ્ટ વિભાગ દ્વારા તેમના પરિવારને જાણ કરવામાં આવી હતી અને રકમ ચુકવવા આવી હતી. મૃતકના નાના ભાઈએ આવા દુઃખના સમયે વીમાની પોલિસીની આ રકમ ખૂબ ઉપયોગી સાબિત થવાની વાત સાથે સરકારનો આભાર માન્યો હતો.

**(BYTE: અલ્પેશ કિહલા---મૃતકના નાના ભાઈ)**

## BOXING

મહેસાણાના વિસનગરની બૉક્સર યાત્રી પટેલ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

યાત્રી આગામી 31મી જુલાઇ થી 11 ઑગસ્ટ દરમિયાન બેંગકોકોમાં યોજાનારી એશિયન બોક્સિંગ ચેમ્પિયનશીપમાં 54 કિલોગ્રામ થી 57 કિલો ગ્રામ વજનવર્ગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. પુના ખાતે યોજાયેલી પસંદગી હરીફાઈમાં યાત્રીએ પોતા હરીફોને માત આપી પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું હતું.

---